રાજ્ય પોલીસ દળના કોન્સ્ટેબ્યુલરી સંવર્ગના કર્મચારીઓને "જાહેર સુરક્ષા પ્રોત્સાહન(Public Secutrity Incentive)" આપવા બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક: મહક/૧૦૨૦૨૧/૩૧૧૨/સ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:-૨૯/૦૮/૨૦૨૨

<u>સંદર્ભ</u> :-

(૧) ગૃહ વિભાગનો તા.૨૮/૧૦/૨૦૨૧નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) સમિતિનો તા..૨૯/૦૪/૨૦૨૨ના રોજનો આખરી અહેવાલ

(૩) નાણા વિભાગનો તા.૦૭/૦૮/૧૯૮૭નો ઠરાવ ક્ર.ઈસીઆર-૧૦૮૭/૨૮-એમ

(૪) ગૃહ વિભાગનો તા.૧૫/૦૬/૧૯૭૯નો ઠરાવ ક્ર.ઈએસટી/૧૦૭૯/૩૯૦૮/સ

(૫) નાણા વિભાગનો તા.૦૧/૦૬/૧૯૮૮નો ઠરાવ ક્ર.ઈસીઆર/૧૦૮૮/૧૮૬/એમ

<u>પ્રસ્તાવના</u> :-

ગુજરાત રાજ્યના પોલીસ કોન્સ્ટેબ્યુલરી સંવર્ગના કર્મચારીઓ(એ.એસ.આઈ., હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ, લોકરક્ષક) દ્વારા ગ્રેડ પે વધારવા તથા અન્ય લાભો મેળવવા વિવિધ માધ્યમોથી રજૂઆતો કરવામાં આવેલ. જે રજૂઆતો બાબતે અહેવાલ અભિપ્રાય સહિત રજૂ કરવા સંદર્ભ-(૧)માં દર્શાવેલ ઠરાવથી એક સમિતિની રચના કરવામાં આવેલ. સદરહુ સમિતિએ રાજ્ય સ્તરે રેન્જ વાઈઝ બેઠકોનું આયોજન કરી કર્મચારીઓની લેખિત/મૌખક રજૂઆતો સાંભળી, તેનો ગહન અભ્યાસ કરી આખરી અહેવાલ સંદર્ભ-(૨)માં દર્શાવેલ પત્રથી રજૂ કરેલ. સદરહુ સમિતિએ રજૂ કરેલ આખરી અહેવાલની ભલામણો પૈકી એક ભલામણ ગુજરાત રાજ્યના પોલીસ કોન્સ્ટેબ્યુલરી સંવર્ગના કર્મચારીઓને "જાહેર સુરક્ષા પ્રોત્સાહન(Public Secutrity Incentive)" આપવા બાબતેની પણ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u> :-

કાળજીપૂર્વક વિચારણાને અંતે ગુજરાત રાજ્યના પોલીસ કોન્સ્ટેબ્યુલરી સંવર્ગના કર્મચારીઓની સેવાઓ અને ફરજોને ધ્યાને લઈ તેઓની કામગીરીમાં સતત ઉત્સાહ જળવાઇ રહે, તેઓનું નૈતિક બળ વધે તે હેતુને ધ્યાને રાખી, નાણા વિભાગના સંદર્ભ-(૩) તથા સંદર્ભ-(૫) માં દર્શાવેલ ઠરાવો મુજબ અનુક્રમે રાજ્ય પોલીસ દળના કોન્સ્ટેબ્યુલરી સંવર્ગોને સાયકલ એલાઉન્સ તથા એસ.આર.પી.એફ.ના કોન્સ્ટેબલ/હેડ કોન્સ્ટેબલ/એ.એસ.આઈ.ને સ્પેશ્યલ પે આપવા બાબતેના ઔચિત્યને ધ્યાને લઈ આ સંવર્ગો પૂરતી જોગવાઈઓ રદ્ કરી તથા ગૃહ વિભાગના સંદર્ભ-(૪)માં દર્શાવેલ ઠરાવથી રાજ્ય પોલીસ દળના કોન્સ્ટેબ્યુલરી સંવર્ગોને ખાસ વળતર ભથ્થા



Jigar

આપવા બાબતેના ઔચિત્યને ધ્યાને લઈ આ સંવર્ગો પૂરતી જોગવાઈઓ રદ્ કરી નીચે કોષ્ટકમાં જણાવ્યા મુજબની "ફીક્સ રકમ" નું **જાહેર સુરક્ષા પ્રોત્સાહન (Public Security Incentive)** પૂર્વ દ્રષ્ટાંત ન ગણવા અને નીચે દર્શાવેલ શરતોને આધિન "ખાસ કિસ્સા" તરીકે આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

| સંવર્ગ | ફીક્સ રકમ |
|---|---|
| ફીક્સ પગારના લોકરક્ષક અને ફીક્સ પગારના આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર | રૂ.૩૫૦૦/- |
| પોલીસ કોન્સ્ટેબલ | રૂ.૪૦૦૦/- |
| હેડ કોન્સ્ટેબલ | રૂ.૪૫૦૦/- |
| આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર | રૂ.૫૦૦૦/- |

**શરતો:-**

(૧). આ "જાહેર સુરક્ષા પ્રોત્સાહન(Public Security Incentive)" ની "ફીક્સ રકમ" પર અન્ય કોઇ પણ પ્રકારના ભથ્થા/લાભ મળવાપાત્ર થશે નહીં.

(૨). ઉક્ત દર્શાવેલ શરત મુજબની બાહેંધરી(આ સાથે સામેલ છે) એફીડેવીટ સ્વરૂપે દરેક કર્મચારી પાસેથી વ્યક્તિગત લેવાની રહેશે અને ત્યારબાદ જ આવા લાભો મંજુર કરવાના રહેશે.

૨. આ ઠરાવનો અમલ તા.૦૧/૦૮/૨૦૨૨ની અસરથી કરવાનો રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૩/૦૮/૨૦૨૨, સા.વ.વિ.ની તા..૨૪/૦૮/૨૦૨૨ તથા સરકારશ્રીની તા.૨૯/૦૮/૨૦૨૨ ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Jigar

(જીગર પટેલ)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા).
- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન. નાણા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (કર્મચારી ગણ)ના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (નાણા)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ગૃહ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (ક.ગ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ અધિક સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, હથિયારી એકમો, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી (વહીવટ), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- તમામ રેન્જ પોલીસ મહનિરીક્ષકશ્રી/નાયબ મહાનિરીક્ષકશ્રીઓ
- તમામ પોલીસ કમિશનરશ્રી/તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ
- તમામ સેનાપતિશ્રીઓ, રાજ્ય અનામત પોલીસ દળ, ગુજરાત રાજ્ય
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઇલ

(ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક: મહક/૧૦૨૦૨૧/૩૧૧૨/સ સાથેનું બિડાણ)

## બાહેંધરી પત્ર

આથી અમો બાહેંધરી આપીએ છીએ કે, હું.................................................., બકલ નં..........................., આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર(રેગ્યુલર/ફીક્સ)/હેડ કોન્સ્ટેબલ/કોન્સ્ટેબલ/લોકરક્ષક તરીકે ................................ જિલ્લામાં ફરજ બજાવું છું. સરકારશ્રીના તા.૨૯/૦૮/૨૦૨૨ ના ઠરાવ ક્ર-મહક/૧૦૨૦૨૧/૩૧૧૨/સ થી, નાણા વિભાગના તા.૦૭/૦૮/૧૯૮૭ના ઠરાવ ક્ર. ઈસીઆર-૧૦૮૭/૨૮-એમ મુજબ અમોને આપવામાં આવતું સાયકલ એલાઉન્સ તથા ગૃહ વિભાગના તા.૧૫/૦૬/૧૯૭૯ના ઠરાવ ક્ર. ઈએસટી/૧૦૭૯/૩૯૦૮/સ મુજબ અમોને આપવામાં આવતું ખાસ વળતર ભથ્થું અને/અથવા નાણા વિભાગના તા.૦૧/૦૬/૧૯૮૮ના ઠરાવ ક્ર.ઈસીઆર/૧૦૮૮/૧૮૬/એમ મુજબ અમોને આપવામાં આવતું સ્પેશ્યલ પે રદ્દ કરવામાં આવેલ છે અને તેના બદલામાં અમોને "જાહેર સુરક્ષા પ્રોત્સાહન(Public Security Incentive)" તરીકે રૂ................................. અંકે રૂપિયા........................................................ આપવાનું નક્કી થયેલ છે. સદરહુ "જાહેર સુરક્ષા પ્રોત્સાહન(Public Security Incentive)" અમો રાજીખુશીથી સ્વીકારવા તૈયાર છીએ અને સરકારશ્રીના સદરહુ તા.....................ના ઠરાવથી નક્કી થયા મુજબ અમોને સદરહુ "જાહેર સુરક્ષા પ્રોત્સાહન(Public Security Incentive)"ની "ફીક્સ રકમ" પર અન્ય કોઈ પણ પ્રકારના ભથ્થા/લાભ મળવાપાત્ર થશે નહિં જેની અમોને જાણ છે અને તે બાબતે અમારો કોઈ વાંધો-વિરોધ નથી. વધુમાં, જાહેર સુરક્ષા પ્રોત્સાહનની સદરહુ ફીક્સ રકમ ઉપર અન્ય કોઈ પ્રકારના ભથ્થા/લાભો મેળવવા અમો ભવિષ્યમાં કોઈ હક્ક, દાવો કરશું/કરાવીશું નહિ કે ખાતાકીય રાહે કે અન્ય કોઈપણ રાહે માંગણી પણ કરીશું/કરાવીશું નહિ. જે બદલ અમો આ બાહેંધરી આપીએ છીએ.

સ્થળ :

તારીખ : (.......................)

સહી અને નામ

Jigar